# ઇસુને નહિ, બરબ્બાસને છોડી દો!
# ફાધર વગીર્સ પૉલ

બરબ્બાસ બાઇબલના ચારેય શુભસંદેશમાં આવતું એક ગૌણ પણ નોંધપાત્ર પાત્ર છે.

સંત માથ્થીકૃત શુભસંદેશમાં બરબ્બાસને "એક નામીચો કેદી" તરીકે ઓળખાવાયો છે. માથ્થીકૃત શુભસંદેશમાં બરબ્બાસનું નામ પાંચ વાર આવે છે.

સંત માર્ક પોતાના શુભસંદેશમાં બરબ્બાસ વિશે કહે છે કે, "બળવા દરમિયાન જેમણે ખૂન કર્યું હતું એવા બળવાખોરો સાથે બરબ્બાસ નામે એક માણસ હાજતમાં હતો." માર્કકૃત શુભસંદેશમાં બરબ્બાસનું નામ ત્રણ વાર આવે છે.

બરબ્બાસનો પરિચય આપતાં સંત લૂક કહે છે કે, "બરબ્બાસને શહેરમાં થયેલા હુલ્લડ અંગે અને ખૂનને માટે કેદમાં પૂરવામાં આવ્યો હતો." સંત લૂકકૃત શુભસંદેશમાં પણ બરબ્બાસનું નામ ત્રણ વાર આવે છે.

સંત યોહાનકૃત શુભસંદેશ મુજબ બરબ્બાસ એક લૂંટારો હતો. પિલાતે યહૂદીઓના મોટા તહેવાર પાસ્ખા નિમિત્તે 'યહૂદીઓના રાજા' ઇસુને છોડી મૂકવાની વાત કરી ત્યારે સંત યોહાન કહે છે, ટોળાના લોકો "બૂમ પાડી ઊઠયા, 'એને નહિ, બરબ્બાસને!' બરબ્બાસ એક લૂંટારો હતો." સંત યોહાન પોતાના શુભસંદેશમાં ફકત બે વાર બરબ્બાસનું નામ લે છે.

બરબ્બાસ એ અરામાઇક ભાષામાંથી આવેલું ગીક નામ છે. એનો અર્થ "બાપનો દીકરો" થાય છે. યહૂદીઓના મોટા તહેવાર પાસ્ખા વખતે પેલેસ્ટાઇનમાં કોઇ એક રાજદ્વારી કેદીને છોડી મૂકવાનો રિવાજ હતો. એ રિવાજને અનુસરીને રોમન સૂબા પેન્તિયુસ પિલાતે ઇસુને છોડી મૂકવાની દરખાસ્ત મૂકી. પરંતુ યહૂદી પ્રજાના મુખ્ય પુરોહિતોએ લોકોને ઇસુને બદલે બરબ્બાસને છોડી મૂકવાની માગણી કરવાને ઉશ્કેર્યા.

પછી માથ્થી, માર્ક અને લૂકે લગભગ એકના એક જ શબ્દોમાં લખ્યું છે કે, "પિલાતે લોકોની માગણી પ્રમાણે બરબ્બાસને છોડી મૂકયો અને ઇસુને કોરડા મરાવી ક્રૂસે ચડાવવા માટે સોંપી દીધા."

સંત યોહાનના નોંધ્યા મુજબ પિલાતે ઇસુની ઊલટતપાસ કરી હતી. વિશ્રામવારને કારણે તે વખતે યહૂદી લોકો અભડાય નહિ તે માટે રાજભવનની બહાર ઊભા રહ્યા હતા. એટલે પિલાતે એમની પાસે જઇને એકરાર કર્યો હતો, "મને આ માણસમાં કંઇ દોષ દેખાતો નથી."

સંત માકેર્ કહ્યું છે તેમ, "પિલાત જાણતો હતો કે કેવળ અદેખાઇને લીધે મુખ્ય પુરોહિતોએ ઇસુને હવાલે કર્યા હતા." એટલે ઇસુને બચાવી લેવાના હેતુથી પિલાતે લોકોને કહ્યું, "જુઓ, તમારામાં એવો રિવાજ છે કે, પાસ્ખાના પર્વ ઉપર તમારા કહેવા પ્રમાણે મારે એક માણસને છોડી મૂકવો. તો હું યહૂદીઓના રાજાને છોડી મૂકું? તમારી શી ઇચ્છા છે?"

"એટલે લોકો ફરી બૂમ પાડી ઊઠયા, 'એને નહિ, બરબ્બાસને!' બરબ્બાસ એક લૂંટારો હતો." સંત યોહાનકૃત શુભસંદેશમાં ભલે બરબ્બાસને 'લૂંટારો' કહેવાયો હોય પણ દેખીતી રીતે અમુક લોકો વચ્ચે બરબ્બાસ તેમનો હીરો હોય એવું એમની બૂમો પરથી દેખાય છે.

બાઇબલના પંડિતો કહે છે કે, "ઘણાખરા લોકો માને છે કે બરબ્બાસ 'જહાલ' (ઢીટ્ઠઙ્ર્મા) ટુકડીનો સભ્ય હોવો જોઇએ. 'કમાન્ડો' કે 'ગોરીલ્લા'ના જેવી રીતભાત અપનાવતા 'જહાલ' ટુકડીના લોકો પેલેસ્ટાઇન ઉપર હકૂમત ચલાવતા રોમના સત્તાધારીઓને રાજયમાંથી ભગાડવાનાં કામો ચોરીછૂપીથી કરતા હતા. 'જહાલ'ના નામે ઓળખાતા રાષ્ટ્રવાદી લોકો ઇસ્વીસન પૂવેર્ના પહેલી અને બીજી સદીથી ઇસ્વીસન ૭૩માં જરૂસાલેમનો વિનાશ થયા સુધી રોમનો સામે બળવો પોકારતા રહ્યા હતા. "(મોશેના) નિયમસંહિતા સિવાય અન્ય કોઇ કાયદાકાનૂન નહિ - ઇશ્વર સિવાય અન્ય કોઇ રાજા નહિ" એમ 'જહાલ' ટુકડીના રાષ્ટ્રાભિમાની યહૂદીઓ માનતા હતા. તેઓ વધુ અને વધુ હિંસક બની ગયાનો ઐતિહાસિક પુરાવો મળી આવે છે.

સુબાના રાજભવન આગળ "બરબ્બાસને છોડી દો!"નો પોકાર કરતા લોકો પરદેશી રોમસત્તા સામે બળવો કરનાર બરબ્બાસના અનુયાયીઓ હોઇ શકે છે. તે જનમેદની માટે બરબ્બાસ કોઇ ચોર લૂંટારો નહોય પણ એમનામાં વિદેશી સત્તામાંથી રાજકીય મુકિત તરફ દોરી જનાર ક્રાન્તિકારી બળવાખોર 'હીરો' હોઇ શકે છે.